જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૭/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૭ લીટર દેશી દારૂ, ૮૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૬૪ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૨,૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૮૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૮૭/૨૦૨૫**

દાણીલીમડાઃ શાહનવાઝ સાબીરભાઇ અન્સારી (ઉ.વ.૪૩) (રહે. શક્તિ સોસાયટી અલફા રૂક સ્કુલ પાસે દાણીલીમડા) એ તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શાહનવાઝ અન્સારી નાઓ સહ પરીવાર રાજસ્થાન ખાતે ફરવા જવાનું હોવાથી ગુગલ એપ દ્વારા રિસોર્ટ સર્ચ કરતા ઉદયપુર અનંતા રીસોર્ટ પસંદ કરેલ અને જેનો સંપર્ક નંબર ૯૧૦૨૪૬૧૭૨૬ દર્શાવેલ હોવાથી શાહનવાઝ અન્સારીએ તા.૦૫/૦૫/૨૦૨૫ કલાક ૧૨/૧૩ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૧૦૨૪૬૧૭૨૬ ના ધારક સાથે સંપર્ક કરતા તેઓએ અનંતા રીસોર્ટ ખાતેથી વાત કરતા હોવાની ઓળખ આપી હતી. જેથી શાહનવાઝ અન્સારીએ અનંતા રિસોર્ટ બુકીંગ કરવાની વાતચીત કરતા તેઓએ જણાવેલ કે કુલ પેમેન્ટ કરશો તો ડીસ્કાઉન્ટ મળશે તેમ જણાવતા શાહનવાઝ અન્સારીએ બુકીંગ પેટે તેઓના ખાતામાં કુલ રૂપિયા ૬૪,૦૦૦/– ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ડીસ્કાઉન્ટ નહી આપેલ અને ઉદયપુર અનંતા રિસોર્ટ ખાતે જઈ તપાસ કરતા બુકીંગ નહી થયેલાનું જણાયેલ ત્યારે સંપર્ક નંબર ૯૧૦૨૪૬૧૭૨૬ ઉપર ફોન કરતા તેઓનો ફોન બંધ આવતો હોય જેઓએ બુકીંગ પેટે પૈસા મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.જે.રાવત ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૮૮/૨૦૨૫**

રાણીપઃ મુકેશભાઈ અમરસિહભાઈ સોલંકી (રહે. આંબેડકરનગરની ચાલી કેશવનગર સુભાષબ્રીજ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૫ રાતના ૦૯/૩૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ કલાક ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૬,૮૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.ચોહાણ ચલાવે છે.

વાડજઃ રાકેશભાઈ મણીલાલ પંચાલ (રહે.નાથાલાલ પાર્ક બલોલનગર ચાર રસ્તા રાણીપ) એ તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ હેન્ડલૂમની બાજુમાં સમરથ કોમ્પલેક્ષ બી-૨ ખાતે મોબાઈલની દુકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં સેકન્ડ હેન્ડ મોબાઈલ નંગ-૧૦ કિમત રૂપિયા ૪૬,૩૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

ડુબી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૮૯/૨૦૨૫**

નારોલઃ શશી સ/ઓ વિજેન્દ્રસિંહ ઉર્ફે વિરેન્દ્ર ઠાકુર (ઉ.વ.૧૯) (રહે. દ્વારકાનગરી કોમલ ફેકટરીથી આગળ નારોલ) નાઓ તા.૩૦/૦૬/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે નારોલ દ્વારકાનગરી કોમલ ફેકટરીની બાજુમાં પાણીના મોટા ખાડામાં નાહવા પડતા પાણીમાં ડુબી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ અર્જુનભાઇ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૯૦/૨૦૨૫**

વટવા જીઆઈડીસીઃ વટવા જીઆઈડીસી ફેઝ-૦૧ પટેલ ઓલોઈ સ્ટીલ પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં કામ કરતા લાલાભાઈ ભવાનભાઈ ભરવાડ (ઉ.વ.૫૪) (રહે. ભરવાડની ચાલી સ્ટેશન રોડ નાંદેજ તા-દસ્કોઈ જી-અમદાવાદ) તા.૩૦/૦૬/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં મોલડીંગ વિભાગના શેડ ઉપર પતરૂં રીપેરીંગ કરતા હતા ત્યારે પતરૂં તુટી જતા શેડ ઉપરથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૮૯૧/૨૦૨૫**

સરખેજઃ રૂજેફ સ/ઓ કદિમ ખાન (ઉ.વ.૨૧) (રહે. જન્નત સોસાયટી, લોખંડવાલા પાર્ટી પ્લોટ આગળ અબુબકર મસ્જીદ પાસે ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૫ કલાક ૧૧/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે આમેના ખાતુન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૬/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

બાપુનગરઃ ગૌતમભાઇ સ/ઓ ઉકાભાઇ જેઠવા (ઉ.વ.૩૮) (રહે. મનહરનગર વિભાગ-૨ જય અંબે ફર્નિચરની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી